# ડીસાના છોટાપુરા ગવાડી વિસ્તારમાં થયેલ ધાર્મિક પ્રવચન હંગામા મામલે ૧૨ ઈસમો સામે લૂંટની ફરીયાદ

ડીસા, તા. ૨૨

ડીસાના છોટાપુરા ગવાડી વિસ્તારમાં બેંગલોરથી ખાસ ધાર્મિક સભાને સંબોધવા આવેલા ધર્મગુરૂના પ્રવચનથી બે જૂથો વચ્ચે ઉશ્કેરણી બાદ થયેલ જૂથ અથડામણનો વિવાદ વકરતો જાય છે. જેના અગાઉ શહેર પોલીસ દફતરે ૧૩ ઈસમો સામે રાયોટીંગનો ગુનો દાખલ થતાં પોલીસે ૧૩ની અટકાયત કરી હતી. જેબાદ આજરોજ બીજા જૂથે પણ ૧૨ ઈસમો વિરૂદ્ધ મારામારી અને લૂંટનો ગુનો દાખલ કરતાં આ અતિ સંવેદનશીલ મામલો વકરતો જોવા મળ્યો હતો. જેના શહેર પોલીસે બીજા જૂથની લૂંટની ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આ સંવેદનશીલ અને અટકાયતની બનેલ ઘટનાની વિગતો જોઈએ તો બે દિવસ અગાઉ ડીસાના લઘુમતિ વિસ્તાર એવા છોટાપુરા ગવાડીમાં બૅંગલોરથી ખાસ આમંત્રિત કરાયેલા ધર્મગુરૂની રાત્રી સમયે ધર્મસભા રાખવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જો કે ભિન્ન માન્યતા ધરાવતાં એક જૂથે ધર્મગુરૂ બૅંગલોરીના પ્રવચનને વિવાદિત ગણાવી તકરાર ઊભી કરતાં આ મામલો બે જૂથો આમને સામને આવી ગયા હતા. અને તે બાદ આ તકરારમાંથી મારામારી, પત્થરમારા અને વાહનોને તોડફોડ સહિતના બનાવો બન્યા હતા. જેમાં પોલીસે દરમ્યાનગીરી કરીને મામલો થાળે પાડ્યો હતો. જેના બે દિવસ અગાઉ શહેર પોલીસે ૧૩ આરોપીઓને રાયોટીંગના ગુનામાં ધરપકડ કરી હતી. જે બાદ બીજા જૂથના ફરિયાદી ઈરફાન ઈકબાલ કુરેશીએ આજરોજ ડીસા શહેર પોલીસ મથકે, ઈબ્રાહીમ નજીર, અશગર અલીન ઈબ્રાહીમ, મહંમદ સદીક મહંમદ હુસેન, શરફાજ ઈસાકે, ઈઝાફ ઉર્ફે ભાઈયા, શકીલ લાલ મહંમદ, મામદ માસ્તર, ઈકબાલ ઈસ્માઈલ, ગુલમહંમદ નવાબશખ્સ, સોહિલ ગુલમહંમદ, મહંમદ ઈમ્તિહાજ અને જૂના ડીસાના એક અજાણ્યા શખ્સ સહિત ૧૨ ઈસમો સામે પોતાની સોનાની ચેન અને ઘડિયાળ લૂંટી લેવાની ફરિયાદ દાખલ કરાઈ હતી. આ મામલે શહેર પોલીસે ડીસા સીટી ફસ્ટ ગુ.ર.નં. ૬૨/૨૦૧૩ આઈપીસી કલમ ૩૯૫ મુજબ ગુનો દાખલ કરી આ મામલાની વધુ તપાસ પી.એસ.આઈ. જે.ડી. આસોડીયા ચલાવી રહ્યા છે.

## તલોદ શહેર-તાલુકા ભાજપના પ્રમુખો વરાયા

તલોદ, તા. ૨૨

પ્રદેશ જિલ્લા અને સ્થાનિક હોદ્દેદારોની ઉપસ્થિતિમાં તલોદ ખાતે મળેલી ભાજપ મોવડી મંડળની બેઠકમાં ભાજપ શહેર પ્રમુખ તરીકે શિવુભાઈ પટેલ તથા તાલુકા પ્રમુખ તરીકે કોદરસિંહ રાઠોડ નિયુકત કરાયા હતા. જેને સર્વેએ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપ મોવડી મંડળ દ્વારા તલોદના કોમ્યુનિટી હોલ ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશ, જિલ્લા અને સ્થાનિક હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ભાજપ મોવડી મંડળે મેન્ડેટ દ્વારા તલોદ ભાજપ શહેર તરીકે શિવુભાઈ પટેલ તથા તલોદ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે કોદરસિંહ બાલુસિંહ રાઠોડની નિયુકિત કરાતા હાજર હોદ્દેદારોએ નવા વરાયેલા પ્રમુખોનું બહુમાન કર્યું હતું.

આ પ્રસંગે પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી હરજીવનભાઈ પટેલ, વી.ડી. ઝાલા, જે.ડી. પટેલ, વિજયભાઈ પંડયા, પ્રવિણભાઈ પટેલ, બંસીધર મહેતા અને ઉપેન્દ્રભાઈ ગજ્જર સહિત અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતાં.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસાનું બજાર હોળી ધુળેટીને લઈ ખરીદદારોથી ઉભરાયું

બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર રાજયમાં હોળી ધુળેટના પર્વને ભારે ઉમંગપૂર્વક મનાવવામાં આવે છે. હોળી ધુળેટી પર્વનો તહેવાર લોકોના સામાજીક રિતરિવાજ સાથે પણ સંકળાયેલ હોવાથી હોળી ધુળેટી પર્વનો અનેરો મહિમા છે.

ડીસા શહેરમાં અત્યારે હોળી ધુળેટના પર્વને લઈ અત્યારે ડીસા બજાર ખરીદદારોથી ઉભરાયું છે. હોળી એટલે હુતાસણી પર્વ નિમિત્તે લોકો બેન દિકરીઓ તેમજ વહુઓના આણાનો પ્રસંગ તેમજ જીયાણાના પ્રસંગ પણ કરવામાં આવે છે. જેના માટે અત્યારે લોકો બજારમાં હાયડા, પતાસા, વાસણ, સોનાચાંદીના ઘરેણા તેમજ કપડાની ખરીદી માટે લોકો પડા પડી કરી રહ્યા છે. બજારોમાં ધુમ ખરીદીને લઈ વેપરીઓ ખુશ જણાય છે અત્યારે બજારમાં હાયડા, પતાસા તેમજ અવનવી ચીજ વસ્તુઓના વેચાણ અર્થે બજાર મંડાયા છે. ભારે ભીડને લઈ બજારમાં ટ્રાફીક સમસ્યા પણ વિકટ બની રહી છે. બજારમાં ધુળેટીમાં એક બીજા પર રંગ છાંટવા માટે અત્યારથી જ વિવિધ જાતની પિચકારીઓ અને રંગોનું આગમન થઈ રહ્યું છે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં પણ હોળી ધુળેટીની તડામાર તૈયારીઓ થવા લાગી છે.

## પાલનપુરમાં સસ્તા અનાજની દુકાનદારોની સમસ્યાઓની રજૂઆત

પાલનપુર, તા. ૨૨

પાલનપુરમાં સસ્તા અનાજની દુકાનદારોની કનડતી સમસ્યાઓ અંગે આજે બનાસકાંઠા જિલ્લાની પંડિત દિનદયાળ નામે ઓળખાતી સસ્તા અનાજની દુકાનોના માલિકોની ફેરપ્રાઈઝ એસોસીએશનના પ્રમુખ પ્રહલાદભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને મળી હતી.

સરકારી ગોડાઉમાંથી માલમાં આવતી વજનઘટ, પરમીટમાં વિલંબ, ન્યુનત્તમ કમીશન, પુરવઠા-મહેસુલ સ્ટાફની નિયમિત પુષ્પમ, કેરોસીનમાં કાપ, બાર કોટેડ રેશનકાર્ડની રજૂઆતો કરી હતી. બનાસકાંઠા જિલ્લા ફેરપ્રાઈઝ એસોસીએશનના પ્રમુખ પરીમલ જૈન, પાલનપુર તાલુકાના પ્રમુખ પી.એમ. સહિત પ્રદેશના હોદ્દેદારોએ કલેકટરશ્રીને આવેદનપત્ર આપી માંગણીઓની રજૂઆત કરી હતી.

## બાયડ શહેર ભાજપ પ્રમુખની વરણી કરાઈ

બાયડ, તા. ૨૨

આજ રોજ બાયડ સર્કીટ હાઉસ ખાતે ભારતીય જનતા પાર્ટી ની બેઠક યોજાઈ હતી આ બેઠક માં ઉપસ્થીત સૌ કાર્યકરો વચ્ચે મેન્ડેટ ખોલતા તેમાં બાયડના રહીશ ઘનશયામ ભાઈ ગોબરભાઈ પટેલ (દાદા) નુ નામ નીકળતા તેમની બાયડ શહેર ભાજપ પ્રમુખ તરીકે વરણી તેમના ટેકેદારો અને કાર્યકરો એ ઉત્સાહ પુર્વક વધાવી લીધી હતી.

## પાલનપુરના જગાણા પાટીયા ગમખ્વાર અકસ્માત બાઈક ચાલક ગંભીર

પાલનપુર, તા. ૨૨

પાલનપુર પંથકમાં અકસ્માતોની વણથંભી વણઝાર યથાવત રહેલ છે. અકસ્માતો રકત રંજીત બન્યા છે. હીટ એન્ડ રનના કેસો ચિંતા જનક વધી રહ્યાં છે. પાલનપુર જગાણા પાટીયા પાસે બાઈક અકસ્માતમાં યુવાને ગંભીર હાલમાં છે. ટ્રક અકસ્માત કરી ભાગી ગયેલ છે.

પાલનપુરના ઢુંઢીયાવાડીમાં રહેતા ઉત્તરપ્રદેશના ભંવરલાલ મનોજકુમાર સાડીઓની ફેરી કરી ધંધો કરતા હતા. જગાણા પાટીયા પાસે બાઈક ચાલક ભવરલાલને ટક્કર મારતાં ફંગોળાઈ ગયો હતો. જિલ્લા ટ્રાફિક પોલીસ આવી ઘટનાઓને ગંભીરતાથી લઈને કડક કાર્યવાહી કરે તેવી લોક લાગણી પ્રવર્તે છે.

# રેલવે બજેટમાં સાબરકાંઠાની ઉપેક્ષા બદલ આક્રોશ વ્યક્ત કરતા સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ

હિંમતનગર, તા. ૨૨

'સાબરકાંઠાના પછાત વિસ્તારમાં રેલવેની સગવડો આપવી એ રેલ વિભાગની ફરજમાં આવે છે. સાબરકાંઠાની જનતા સુવિધા માટે ભીખ નથી માગતી પણ પોતાના અધિકાર માટે અવાજ ઉઠાવે છે' સાબરકાંઠાના સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે તાજેતરમાં સંસદમાં રજુ કરવામાં આવેલા રેલવે બજેટમાં સાબરકાંઠાની ઉપેક્ષા બદલ આક્રોશ વ્યક્ત કરી ઉપરના શબ્દો સંસદમાં કહ્યા હતા.

તેમણે રેલવે દેશના જી.ડી.પી.માં ફક્ત ૧ ટકો યોગદાન આપતી હોવા છતાં તેનું અલગ બજેટ રજુ કરવા માટે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને કૃષિ/ખેતી માટે અલગ બજેટ રજુ કરવા માંગણી કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે અંગ્રેજ શાસકોએ દેશને ૫૪,૦૦૦ કી.મી. રેલવે લાઈન આપી હતી તેમાં રેલવે વિભાગે ૬૫ વર્ષ બાદ ફક્ત ૧૦,૦૦૦ કી.મી.નો વધારો કર્યો છે. તે ખરેખર તો શરમાયા જેવી બાબત છે. રેલવેતંત્રનાં અણઘડ વહીવટનો અને વ્યવસ્થાનો ચીતાર સંસદમાં રજુ કરતાં તેઓએ પરીવહનની પૂર્ણ રૂપે ઉપેક્ષા, ગંદા અને અસ્વચ્છ રેલવે સ્ટેશનો, યાત્રીઓ માટે સુવિધાનો અભાવ અને અમદાવાદના રેલવેતંત્રના પૂર્વ ડી.આર.એમ. કક્ષાના અધિકારી કરોડોના ભ્રષ્ટાચારમાં ખદબદતા હોવાની રજુઆત સંસદમાં કરી હતી.

આજે રેલવેમાં રોજ બે કરોડથી વધારે લોકો રેલવેમાં મુસાફરી કરતા હોવા છતાં સુવિધાના નામે મીંડુ જોવા મળે છે. તેમાંય સાબરકાંઠાના રેલવે સ્ટેશનોની હાલત તો બદતર માલુમ પડે છે. રેલવેતંત્રના અણઘડ વહીવટ તરફ અંગુલીનિર્દેશ કરી સાંસદે જણાવ્યું હતું કે, 'જ્યાં વધારે રેલવે ગાડી દોડે છે એ રૂટ ઉપર બીજી વધારાની ગાડીઓ દોડાવાની જાહેરાત કરવામાં આવે છે અને જ્યાં નવી ગાડીઓની માગણી કરવામાં આવે છે ત્યાં કોઈ સગવડ આપવામાં આતી નથી' તેમણે મોડાસાથી મુંબઈ માટે કનેક્ટીવીટી આપવા રજુઆત કરી હતી.

સાબરકાંઠામાં વિકાસ ન થવાનું મુખ્ય કારણ રેલવેતંત્ર દ્વારા અપનાવવામાં આવેલ ઉદાસીનતા છે. રેલવે જ્યાંથી પસાર થાય ત્યાં વિકાસ આપોઆપ ધમધમતો હોય છે. પણ સાબરકાંઠા પછાત વિસ્તારો આજે પણ જેવાને તેવાજ રહ્યા છે. અમદાવાદ-ખેડબ્રહ્મા રેલવે લાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવા ઝડપી કાર્યવાહી કરવામાં આવે અને આ લાઈનને અંબાજી થઈ આબુ સુધી લંબાવવાની રજુઆત કરી હતી.

# પ્રાંતિજમાં ભુગર્ભ જળ દુષિત થતા સજીવને ખતરો

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજ તાલુકામાં ઝડપી વિકસીત થયેલા ઔદ્યોગિક એકમો દ્વારા પર્યાવરણના નિયમોની અવગણના કરીને સમગ્ર તાલુકાનું વાતાવરણ પ્રદુષિત કરી નાખ્યું છે. એટલું જ નહી પણ હવા, પાણી, ભૂમિ પણ પ્રદુષણ તેમજ ભુગર્ભ જળમાં પાણીના સ્વાદ અને કલરવાળા પાણી બોરકુવાઓમાં દેખાવા માંડતા પાણી પણ પીવાલાયક રહ્યું નથી. ત્યારે ઔદ્યોગિકરણ પાછળની આંધળી દોટ અને પૈસા કમાઈ લેવાની લહાયમાં પર્યાવરણ સામે મોટો જ ખતરો ઉભો થવા પામ્યો છે.

મળતી મહિતી અનુસાર સિરામિક ઝોન તથા કેમીકલ ફેકટરીઓ દ્વારા ખાનગીમાં કારખાનાઓમાં ઉંડા બોર બનાવી કેમીકલવાળું પાણી તેમજ વોરા રેલ એસિડયુકત પાણી ઉતારવામાં આવે છે તેમજ સાંજ પડે કેમિકલ વાળી દવા હવા તેમજ ધૂમાડાને કારણે ને.હા. નં. ૮ પર જતા-આવતા, વાહનો, વાળાઓને આંખોની તકલીફ થતી હોય છે. જયારે પ્રાંતિજ તાલુકાના કારવાડ, દલપુર, નનામપુર, ઓનાસણ, સેજીપુર તથા હિંમતનગરના હાજીપુર પુરુષોત્તમનગર સહિતના ગામડાઓના બોર કુવાઓમાં પાણી ઘટયા છે તો કયાંક દુષિત થવાના કારણે કલર અને સ્વાદ બદલાયો છે. પાણી જન્ય રોગો વધ્યા છે. મોટા ભાગે આવા કારખાનાવાળા મેઈન દરવાજો બંધ રાખી 'કૂતરાથી સાવધાન'નું બોર્ડ મારી તેમના જ માણસો દ્વારા અંદર પ્રવેશવાની મનાઈ ફરમાવતા હોય છે. જયાં સુધી દરવાજો ખોલાય ત્યાં સુધીમાં આ બધું સાવધાનીથી સમેટી લેવાય છે. સરકાર અને સરકારી બાબુઓ તથા જેની જવાબદારી છે એવું જિલ્લાનું પ્રદુષણ બોર્ડ પણ આવા બધા સામે કંઈ જ કરવામાં મજબુર હોય તેમ દિવસે ને દિવસે પરિસ્થિતિ બગડતી જોવા મળે છે. મોટા ગજાના ઉદ્યોગકારો તેમજ રાજકારણીઓની મીલી ભગત, ચૂંટણી ફાળો તેમજ તંત્રના હપ્તાની માયાજાળના લીધે સબ સલામતીની પોકળ વાતો કરી રહ્યા છે.

# બાયડ તાલુકાના ડેમાઈ ગામે નજીવી બાબતે બે કોમના જુથ વચ્ચે અથડામણ



બાયડ, તા. ૨૨

બાયડ તાલુકા ના ડેમાઈ ગામે આજે સવારે ૯ વાગ્યા ના સુમારે નજીવી બાબતમાં ક્ષત્રીયો અને મુસ્લીમો વચ્ચે નજીવી બાબત માં તકરાર થતાં આ તકરારે થોડીજ વાર માં રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ આ

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર ડેમાઈ ગામે રહેતા ફકરૂદીન યાકુબભાઈ મોગલ વર્ષો થી રીક્ષા ના સ્પેર પાર્ટ ની દુકાન ચલાવે છે જયારે આજે તેમની દુકાને અનીલભાઈ આવતા તેમણે અનીલભાઈ ને કહયુ કે મારુ ડીસમીસ કયાં છે તે જણાવ તો સામે અનીલભાઈ પરમારે ગાળો બોલી પોતાના સગાવ્હાલા ને બોલાવી દુકાનમાુ તોફડોડ કરી લુટ ચલાવી ફકરૂદીન ને માથાના ભાગે ઈજાઓ પહોચાડી હતી જયારે આ સમગ્ર ઘટનાને લઈને ડમાઈ ગામમાં ભારેલા અગ્ની જેવી પરીસ્થીતીઉભીથતાં પી.એસ.આઈ સી.કે.બાબરીયાએ સમય સુચકતા વાપરી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો

જયારે આ સમગ્ર પ્રકરણ માં હાલ તો બન્ને પક્ષે સાસામે ફરીગાદ નોધાતા વાતાવરણ તંગ બનવા પામ્યુ છે આ અંગે બાયડ પોલીસે બન્ને પક્ષ ની ફરીયાદ સાંભાળી ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

# માથાસુલીયા ગામે ટ્રેકટરની અડફેટે એકનું મોત : ત્રણ ઘાયલ

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગર તાલુકાના માથાસુલીયા ગામે એક ટ્રેકટર ચાલકે એક મોટરસાયકલને ટકકર મારતા ત્રણને ઈજાઓ થવા પામી હતી અને એકનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ સમગ્ર મામલે ગાંભોઈ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગરના માથાસુલીયા ગામે માર્ગ પર ટ્રેકટર નં. જીજે ૯-ઈ-૫૧૨૧નો ચાલક પુરપાટ ઝડપે ટ્રેકટર હંકારી ગત રોજ સાંજના સુમારે એક બાઈક નં. આર. જે. ૧૨ એસ.એસ. ૧૨૬૦ ને પાછળથી જોરદાર ટકકર મારતા માર્ગ પર ગંભીર અકસ્માત થયો હતો. જેમાં બાઈક સવાર ચારેય યુવકો પ્રવિણભાઈ વરસાત, દિનેશભાઈ, અનિલભાઈ તથા મગનભાઈને શરીરે ઈજાઓ થવા પામી હતી. જેમાં પ્રવિણભાઈ વરસાતનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. આ સમગ્ર મામલે ગાંભોઈ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહમા તાલુકામાં તા.૨૨/૦૩/૨૦૧૩ના રોજ જલારામ મંદીરના હોલમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ભોજાભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને આરોગ્ય વિષયક સેમિનારનુ આયોજન કરવામાં આવેલ જેમાં ગ્રામ સંજીવની સમિતિના પ્રમુખશ્રી તાલુકા તથા જિલ્લા પંચાયતના ચુંટાયેલા સદસ્યશ્રીઓ તથા તાલુકાના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહેલ.

સેમિનારનુ ઉદ્ઘાટન તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ભોજાભાઈ મકવાણાના હસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું. જેમાં ડૉ.બનેસિંહ ગઢવી મેડીકલ ઓફિસરશ્રી દેરોલ દ્વારા આરોગ્યના વિવિધ કાર્યક્રમો ની સમજ આપવામાં આવી તથા ડૉ. અનિલ નિનામા મેડીકલ ઓફિસરશ્રી પ્રા.આ.કેન્દ્ર ઉંચિધનાલ દ્વારા ટીબી. કાર્યક્રમની ચર્ચા કરવામાં આવી તેમજ આ કાર્યક્રમમાં જિલ્લા આઈ.ઈ.સી. અધિકારીશ્રી જીતુભાઈ સુથાર પણ ઉપસ્થિત રહેલ અને તેઓ દ્વારા આરોગ્યના કાર્યક્રમોમાં લોકભાગીદારી વિશે માર્ગ દર્શન આપવામાં આવ્યું. ખેડબ્રહમા તાલુકા આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા ગ્રામ સંજીવની સમિતિ તથા આરોગ્યની વિવિધ યોજનાઓ વિશે પ્રેઝન્ટેશન દ્વારા સમજ આપવામાં આવેલ.

## પિતા-પુત્રીની કલંકિત ઘટના
## ભરડાસર ગામમાં સગો બાપ દીકરીને બે વર્ષથી પીંખી રહ્યો હતો

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ભરડાસર ગામમાં પિતાનો પુત્રી પર બળાત્કાર કરાતાં સમગ્ર સમાજને શરમીંદા કરેલ છે. ઉપરોક્ત ઘટનાથી સમગ્ર જિલ્લામાં ચકચાર બની છે. આરોપીનેપોલીસે ઝડપી પાડેલ છે. સગીરાને પાલનપુર સિવિલમાં સારવાર માટે દાખલ કરેલ છે.

ભરડાસર ગામના પટેલ શામળભાઈ પરબતભાઈ પોતાની પત્ની ઓખીબેનને શારીરિક, માનસિક ત્રાસ ગુજરાતો હતો. જ્યારે ૧૫ વર્ષની પોતાની સગીરા પુત્રી લંપટ પિતા તેની સાથે બે વર્ષથી શારીરિક સુખ ભોગવતો હતો. આ કરતુતની જાણ માતાએ પોલીસને કરતાં પોલીસે જરૂરી તપાસ હાથ ધરેલ છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧